GJAR060014712025

Presented on : 24-12-2025
Registered on : 24-12-2025
Decided on : 14-08-2026
Duration : 21D-07M-00Y

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**
**AT ,ARAVALLI**
**(Presided Over by MR.A.A.JANI)**

**આંક—૧ ની અરજ અન્વયે હુકમઃ—**

૧).. અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે , આ કામના અરજદારનુ મુળ વતન મોડાસા છે. આ કામના અરજદાર મોડાસા સુન્ની મુસ્લીમ ધાંચી જમાઅતના વ્યકતિ છે. આ કામના અરજદારના પિતા અરવલ્લી જીલ્લાના, ભિલોડા તાલુકાના કુશ્કી ગામે દુકાનદાર હતા. આ કામના અરજદાર શ્રી કુશ્કી આદર્શ પ્રાથમિક શાળામાં ભણેલા છે. તેઓની જન્મ તારીખ ૨૭—૦૮—૧૯૬૧ ની છે. આ કામના અરજદારના આધારકાર્ડ, પાનકાર્ડ માં તેઓની અટક મોડાસીયા દર્શાવેલ છે. જયારે તેઓના શાળા છોડયાના પ્રમાણપત્રમાં તેઓની અટક ધાંચી દર્શાવેલ છે. ધાંચી તેઓની પેટા જ્ઞાતિ છે. આ કામના અરજદારને તેઓના માતા—પિતા જીવા નામથી બોલાવતા જેથી લોકો તેઓને જીવાભાઈ તરીકે ઓળખે છે. આ કામના અરજદારે બે લગ્ન કરેલ છે. આ કામના અરજદારે પ્રથમ લગ્ન આકરૂંદના રહેવાશી સઈદાબેન તે અલીભાઈ ધાંચીની દીકરી સાથે કરેલા તેનાથી તેઓને સંતાનમા એક દિકરો નામે સલાઉદીન છે. જેની હાલ ઉંમર ૪૧ વર્ષ છે.જે પરણીત છે. આ કામના અરજદારે બીજા લગ્ન મોડાસાના રહેવાસી શકીના સાથે કરેલા તેનાથી તેઓને સંતાનમાં બે દિકરા અને એક દીકરી છે. જેમા સૌથી મોટી દિકરી તમન્ના છે. જે પરણીત છે. તેનાથી નાનો દિકરો અલ્તાફ છે. અને તેનાથી નાનો દિકરો મોહંમદરફીક છે. બન્ને દિકરાઓના લગ્ન થઈ ગયેલા છે. આ કામના અરજદાર અને તેઓના પહેલા પત્ની વચ્ચે તેઓના દિકરા સલાઉદીનના જન્મબાદ તકરાર ઉભી થતા તેઓની પત્ની તેઓના દીકરા સલાઉદીનને લઈને તેમના પિયર આકરૂંદ મુકામે રહેવા ગયેલ. તેઓનો દિકરો સલાઉદીન આકરૂંદની શાળામાં અભ્યાસ કરતો હતો. જે તે વખતે તેઓના સસરાએ તેઓના દિકરાના પિતાનુ નામ યાને કે આ કામના અરજદારનુ નામ જીવાભાઈ લખાવેલ. જેથી તેઓના દિકરા સલાઉદીનના એલ.સી.માં પિતાનુ જીવાભાઈ દર્શાવેલ છે. આ કામના અરજદારના

દસ્તાવેજમાં તેઓનુ નામ ગુલામરસુલ દર્શાવેલ છે. આમ, આ કામના અરજદારના નામ ગુલામરસુલ ઉર્ફે જીવા ભાઈ છે. આ કામના અરજદાર ૧૯૯૫ માં તેઓની પ્રથમ પત્ની સાથે કરાર લેખ દ્વારા છુટા પડેલ છે. જે જાહેર કરીએ છીએ. જે કરાર લેખની નકલ સદર કામે પુરાવા લીસ્ટથી રજુ કરીએ છીએ.આ કામના અરજદારના પુત્ર નામે સલાઉદીનનો જન્મ તા.૦૬–૦૫–૧૯૮૪ ના રોજ આકરૂંદ મુકામે થયેલો અને તે આકરૂંદની શ્રીમતી પી.કે.ફેન્ઝ વિદાલય આકરૂંદ મુકામે અભ્યાસ કરતો. જેનો જનરલ રજી.નં.૨૨૪૨ નો છે. તેનો એલ.સી.માં કોલમ નં.૧ માં તેનુ નામ મોડાસીયા સલાઉદીનભાઈ જીવાભાઈ એવું દર્શાવેલ છે. તે સાચુ અને ખરૂ નથી. ખરૂ નામ ગુલામરસુલ હોવુ જોઈએ. આમ, ગુલામરસુલ અને જીવાભાઈના નામમાં વિસંગત્તા ઉભી થયેલ છે. જેથી આ કામના અરજદારને આ અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે. આ કામનાઅરજદારને લોકો જીવાભાઈ કહે છે. જેથી અમારા સાસરીમાંથી આ કામના અરજદારના પુત્રની શાળામાં આ કામના અરજદારના પુત્રના નામમાં પીતા તરીકે જીવાભાઈ લખાવેલ. જે અંગે શરત ચુક થયેલ છે. આ કામના અરજદારના પુત્રના એલ.સી.માં પુત્રના પિતાના નામમાં સુધારો કરવા માટે આ કામના અરજદાર સામાવાળા નં. ૧ નાઓ પાસે ગયેલ ત્યારે સામાવાળા નં.૧ નાએ તેઓને જણાવેલ કે, એલ.સી.માં સુધારો વધારો કરવા માટે તેઓની પાસે કોઈ સત્તા નથી. એલ.સી.માં સુધારો વધારો કરવા માટેની સત્તા નામદાર કોર્ટની છે. તમો નામદાર કોર્ટમાંથી હુકમ લાવો તો અમો એલ.સી.માં સુધારો વધારો કરી શકીએ તેવુ જણાવતા આ કામના અરજદારને આપ નામદાર કોર્ટમાં આ અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે.આ કામના અરજદારનુ નામ ગુલામરસુલ છે.પરંતુ આ કામના અરજદારના પુત્રના એલ.સી.માં આ કામના અરજદારનુ નામ જીવાભાઈ લખાયેલ છે. જે સાચુ અને ખરૂ નથી. તેઓનુ સાચુ નામ ગુલામ રસુલ છે. આમ ગુલામરસુલ અને જીવાભાઈના નામમાં વિસંગત્તા ઉભી થયેલ છે. આ કામના અરજદારને આ વિસંગત્તા દુર કરવી જરૂરી હોઈ જેથી પણ આપ નામદાર કોર્ટમાં આ અરજી કરવાની જરૂર પડેલ છે. જો આ વિસંગત્તા દુર કરવામાં ન આવે તો, આ કામના અરજદારના વારસદારોને ભવિષ્યમાં ખુબ જ તકલીફ થાય તેમ છે. આ કામના અરજદારના વારસદારોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પટે તેમ છે. તેઓના વારસદારોને તેમના અભ્યાસમા મુશ્કેલીઓ પડવાની સંભાવનાઓ રહેલ છે. તેમજ કારર્કીદી માટે અવરોધ ઉભો થાય તેમ હોઈ, તેમજ હાલમાં એસ.આઈ.આર.પ્રક્રિયા માટે પણ દાદાના નામની જરૂર પડે છે.જેથી પણ તેઓને દીકરાના પિતાના નામમાં સુધારો કરવાની જરૂર પડેલ છે. જેથી આ કામના અરજદારને તેઓના પુત્ર સલાઉદીનના એલ.સી.એટલે કે લીવીગ સર્ટી.માં સુધારો કરવો જરૂરી હોઈ જેથી આ કામના અરજદારના પુત્ર સલાઉદીનના લીવીંગ સર્ટી.માં સામાવાળા તેમના જનરલ રજીસ્ટર નંબર ૨૨૪૨માં આ કામના અરજદારનુ નામ જીવાભાઈના બદલે ગુલામરસુલ દર્શાવી આપે એટલે કે, પિતાના નામમાં સુધારો કરી સુધારાવાળુ નવુ લીવી સર્ટીફીકેટ ઈશ્યુ કરવા હુકમ કરવા હાલની અરજ ગુજરાત સેકન્ડરી એજયુકેશન એકટ–૧૯૭૨ ના કલોઝ –૬ તથા ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના રૂલ–૧,૨ (એ) મુજબ દાખલ કરવાની જરૂર પડી છે. આ કામના અરજદારના પુત્ર સલાઉદીનને સામા.નં.૧ તથા ૨ ના તરફથી આપવા આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના કોલમ નં. ૧ માં અમો અરજદારનુ નામ "જીવાભાઈ" લખેલ છે.

તે સાચુ અને ખરૂ ન હોઈ, તે નામ કમી કરી આ કામના અરજદારનુ ખરૂ અને સાચુ નામ 'ગુલામરસુલ લખી આપે અને નિયત નમૂનામાં એટલે કે લીવીંગ સર્ટીફીકેટમાં આ કામના અરજદારનું નામ સુધારી નવુ લીવીંગ સર્ટીફીકેટ નિયમ મુજબ થતી ફી લઈને અથવા તો વિના મુલ્યે જે નિયમ હોય તે પ્રમાણે કાઢી આપે તેવા મતલબનો હુકમ કરવા આપ નામદાર કોર્ટને તમ અરજ કરીએ છીએ.

આમ, સ્કૂલના રેકર્ડ માં અને ધોરણ–૧૨ એસ.એસ.સી. બોર્ડ ની માર્કશીટ તથા ટ્રાયલ સર્ટીફીકેટમાં દર્શાવેલ નામમાં વિસંગતતા સ્પષ્ટ જણાઈ આવતી હોઈ તેમજ ભવિષ્યમાં સરકારી તથા અર્ધ સરકારી કચેરીમાં કાર્યવાહી કરવા માટે જન્મનો દાખલો સાથે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર વિગેરે આપવાના થાય તેમ હોઈ અને તે દસ્તાવેજોની ખરાઈ કરતાં વિગતોમાં તફાવત જોવા મળે તેમ હોઈ, જેથી અરજદારે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબ તેમના પુત્રનું નામ "મોડાસીયા સલાઉદીનભાઈ ગુલામરસુલ" મુજબ સાચું હોઈ, એ મુજબનો સુધારો કરાવવા માટે ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન ૧૯૭૪,રેગ્યુલેશન–૧૨(એ), કલોઝ–૯ મુજબ હાલની અરજ રજૂ કરી અરજીમાં જણાવ્યા મુજબની દાદ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

૨).. અરજદારની અરજીના સંદર્ભમાં સામાવાળાને નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ છે. જે નોટીસની જાણ થતાં સામાવાળા નં.૧ હાજર થયેલ અને આંક–૫ ના લિસ્ટથી ડોકયુમેન્ટ રજુ કરેલ જેમાં નિ.–૫/૧ થી રજૂ અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્ર (એલ.સી.) ની ખરી નકલમાં સહી તથા સ્કૂલનો સિક્કો છે અને નિ.–૫/૨ શાળા છોડયા તેના જી.આરની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. જે દસ્તાવેજો વંચાણે લેતાં તેમાં અરજદારના પુત્રનું નામ મોડાસીયા સલાઉદીનભાઈ જીવાભાઈ મુજબ લખવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે.

૩).. હાલના કામે સામાવાળા નંબર–૨(મે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી જીલ્લા સેવાસદન–શામળાજી રોડ, મોડાસા,જી.અરવલ્લી) તરફે આંક–૦૬ થી દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજૂ કરેલ છે, જેમાં તેઓએ તેમના જવાબમાં એવુ જણાવેલ છે કે અરજદારશ્રી ગુલામરસુલ ઉર્ફે જીવાભાઈ અબ્દુલભાઈ મોડાસીયાએ સંદર્ભ અન્વયે અટક તથા પેટાજ્ઞાતિમા સુધારો કરવાની અરજી દાખલ કરેલ છે. જે બાબતે ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ નિયમ ૧ ૨(ક)(૬) અનુસાર વિદ્યાર્થી શાળા છોડી ગયા શાળાના જનરલ રજીસ્ટરમાં નામ, જન્મ તારીખ કે અન્ય કોઈ વિગતમાં સુધારો કરવાની રજુઆતની માં ગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વધુમાં રેકર્ડ જોતાં આંક–૧૪ થી અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલમા અરજદારનું નામ "મોડાસીયા ગુલામરસુલ અબ્દુલભાઈ" છે, આંક–૧૫ થી અરજદારનું પાનકાર્ડ રજુ થયેલ છે તેમાં અરજદારનુ મોડાસીયા ગુલામરસુલ અબ્દુલભાઈ છે, આંક–૧૬ થી શ્રી કુશ્કી આદર્શ પ્રાથમિક શાળાનુ પ્રમાણપ્ર રજુ છે જેમાં અરજદારની જન્મ તારીખ અને તે કઈ જ્ઞાતિના છે તે બાબતે

શાળાએ પ્રમાણપત્ર આપેલ છે તે છે, આંક–૧૭ થી અરજદારના પુત્ર સલાઉદીનનુ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ છે જેમાં વિધાર્થીના નામના કોલમમાં મોડાસીયા સલાઉદીનભાઈ જીવાભાઈ લખેલ છે, આંક–૧૮ થી અરજદારના પુત્રના ચુંટણી કાર્ડમાં નામ ઘાંચી સલાઉદીન જીવાભાઈ લખેલ છે, આંક–૧૯ થી પાસપોર્ટની નકલ રજુ થયેલ છે જેમાં અરજદારના પુત્રનુ નામ મોડાસીયા સલાઉદીનભાઈ જીવાભાઈ લખેલ છે તેમજ આંક–૨૦ થી અરજદારના પુત્રનુ આધારકાર્ડ રજુ છે જેમાં તેમનુ નામ સલાઉદીન જીવાભાઈ મોડાસીયા લખેલ છે, આંક–૨૧ થી સુન્ની મુસ્લીમ ઘાંચી જમાઅત નાઓએ દાખલો આપેલ છે જેમાં ગુલામરસુલ અબ્દુલભાઈ મોડાસીયા અને જીવાભાઈ અબ્દુલભાઈ મોડાસીયા એક જ વ્યકિત છે તેવી હકીકત જણાવેલ છે, આંક–૨૨ થી આ કામના અરજદાર અને તેઓની પ્રથમ પત્ની સહીદાબેન વચ્ચે થયેલ કરારલેખની ખરી નકલ રજુ છે જેમાં અરજદારે જીવાભાઈ ઉર્ફે ગુલામરસુલ અબ્દુલભાઈ મોડાસીયા તરીકે સહી કરેલ છે, આંક–૨૩ થી અરદારના પુત્રનુ જન્મનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમાં સલાઉદીન જીવાભાઈ મોડાસીયા નામ લખેલ છે. આમ, ઉપરોકત અલગ–અલગ ડોકયુમેન્ટમાં અરજદારના બે નામ ગુલામરસુલ તેમજ જીવાભાઈ જણાય આવે છે. આમ, પિતાના નામમા મીસ્ટેક હોવાની હકીકતને પૂર્ણ સમર્થન મળે છે.

વધુમાં આ કામે નિ.૪/૨ થી રજુ જાહેર નોટીસ ધ્યાને લેતાં તે ઉપરોકત અરજીને દાદ સંદર્ભે કોઈ અન્ય ઈસમે વાંધો કે તકરાર હોય તે બાબતે આપેલી અને જે બાબતે આજદીન સુધી કોઈ ઈસમનો વાંધો, વિરોધ કે તકરાર રેકર્ડ ઉપર રજુ થયેલ નથી.

આમ, અરજદારના આકરૂંદ ગ્રામ પંચાયતના દફતર દ્વારા રજૂ કરેલ જન્મનું રેકર્ડ તથા રજૂ થયેલા શાળાના રેકર્ડ ની સરખામણી કરતાં અરજદારના પુત્રના પિતાના નામ બાબતે મહત્વનો ફેરફાર અને વિસંગતતા હોવાની સ્પષ્ટ સાબિતી મળે છે . જેથી અરજદારની અરજી મુજબ તેઓની વિગતો સાચી હોવાની હકીકતને નહી માનવાને કોઈ કારણ નથી.

૪).. આ કામે અરજદારે આંક–૧૨ થી સોગંદ ઉપર સરતપાસનું સોગંદનામું રજૂ કરી આંક–૧ ની અરજીની હકીકતોને સંપૂર્ણપણે પુષ્ટી આપેલ છે , જેથી અરજીની હકીકતોને નહી માનવાને કોઈ કારણ નથી. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૦ થી તેમના મિત્ર જાકીરહુસેન ઇશાકભાઈ પટેલનાઓએ સરતપાસનું સોગંદનામું રજૂ કરી અરજદારના નામમાં મીસ્ટેક થયેલ હોવાની હકીકતને પુષ્ટી કરી "મોડાસીયા સલાઉદીનભાઇ ગુલામરસુલ" મુજબ નામ સાચુ હોવાનું જણાવેલ છે અને અરજદારના પુત્રના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં દર્શાવેલ નામ ખોટું લખાયેલ હોવાનું જણાવી અરજદારના પુત્રનું નામ "મોડાસીયા સલાઉદીનભાઇ ગુલામરસુલ" મુજબ સાચું હોવાનું જણાવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૧ થી પુરાવા બંધની પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

તેમજ, આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠાકોર નિલેશ શિશીરભાઈ વિરૂદ્ધ

ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડના કેસમાં આપેલ ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૭, વોલ્યુમ–૩ ના પાના નંબર–૨૨૭૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે, જે ચુકાદામાં વિગતવાર ચર્ચા કર્યા મુજબ અરજદારે અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવાની નામદાર અદાલતને સત્તા પહોંચે છે , જે સદરહું ચુકાદાના પાના નં. ૩ અને પેરા નં. ૩ નો મહત્વનો ભાગ જોતા નિર્દેશિત થાય છે જે નોંધવો જરૂરી જણાતો હોઈ તેમાં નીચે મુજબનો ઉલ્લેખ થયેલો છે :

*"...this court can always direct the subordinate Court in the state to make necessary inquiry and issue proper certificate in accordance with findings arrived at after the inquiry. In the back ground of the provision stated above, it also appears that the learned Judicial Magistrate of the area can be the proper authority to make such inquiry and issue certificate to the concerned student. The procedure which is being followed for the correction of the birth date in the school record after the pupil has left the school can be also be applied or followed in other matters such as change in the name, cast/religion, place of birth etc."*

આમ, ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં આ કામે અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવાની આ અદાલતને સત્તા અને હકૂમત છે તેવું જણાઈ આવે છે.

૫).. ઉપરોકત સાહે દોની સોગંદ ઉપરની જુબાનીઓ તથા રજૂ દસ્તાવેજી પુરાવા નજર સમક્ષ રાખતાં અરજદારના પુત્રના પિતાના નામમાં મહત્વનો ફેરફાર અને વિસંગતતા જણાતાં અરજદારે હાલની અરજી કરી **સામાવાળા નં .૧ અને ૨ તરફથી આપવામાં આવેલ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમા** સુધારો લાવવા માટેની દાદ માંગેલ હોવાનું જણાઈ આવે છે. અરજદારને અરજીમાં માંગ્યા મુજબ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં નામમાં સુધારો કરવાની દાદ મંજુર કરી તે મુજબ સુધારો કરાવવામાં ન આવે તો ભવિષ્યમાં સરકારી તથા અર્ધ સરકારી કચેરીમાં કાર્યવાહી કરવા માટે દાવેદારી કે અન્ય પ્રસંગે તે દસ્તાવેજોની ખરાઈ કરતાં વિસંગતતા જોવા મળે તેમ હોઈ, જેથી કરીને તેમની ભવિષ્યની કારકીર્દી ઉપર અસર પડે તેમ છે. આ સંજોગોમાં અરજીમાં માંગ્યા મુજબનો સુધારો કરાવવો આ અદાલતને ઉચિત અને ન્યાયી જણાતુ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

**૧.**અરજદારની હાલની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

**૨.**ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન એક્ટ–૧૯૭૪ ની કલમ–૧૨–ક અન્વયે આથી એવું પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અરજદારના પુત્ર

મોડાસીયા સલાઉદીનભાઈ ગુલામરસુલના શાળા છોડ્યાના પ્રમાણપત્ર (જનરલ રજીસ્ટર નંબર ૨૨૪૨ તથા લીવીંગ સિરિયલ નંબર ૯૬૪/૨૦૦૪) માં નામના કોલમમાં લખાયેલ નામ "મોડાસીયા સલાઉદીનભાઈ જીવાભાઈ" ના બદલે સાચું નામ "મોડાસીયા સલાઉદીનભાઈ ગુલામરસુલ" મુજબનો સુધારો કરી નવું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કાઢી આપવું.

**૩.** શ્રીમતી વી.એચ.પટેલ પ્રાથમિક વિભાગ આકરૂંદ તાલુકો ધનસુરા નાઓના મુખ્ય શિક્ષક નાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, ઉપરોકત હુકમ મુજબ શાળા છોડયાના પ્રમાણપત્રમા સુધારો કરી નવુ શાળા છોડયાના પ્રમાણપત્ર તૈયાર કરી આપતાં તેમજ નિયમ મુજબ થતી ફી લઈ તેની એન્ટ્રી પાડવી.

૪. આ કામના જે તે સ્કૂલ સત્તાવાળાઓને (સામાવાળા નંબર–૧) હુકમની એક નકલ યાદી સાથે મોકલી આપવી.

**૫.**જો સુધારો કરાવનાર વ્યક્તિનો સુધારો અન્ય કોઈપણ કારણોસર ખોટો જણાઈ આવ્યેથી આ હુકમ આપોઆપ રદ્દ ગણાશે.

**૬.**ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહે ર કર્યો.

**તા. ૧૪/૦૮/૨૦૨૬**
**સ્થળ:ધનસુરા.**

**(અર્પિત એ. જાની)**
**જયુડી.મેજી.ફ.ક.,**
**અરવલ્લી (ધનસુરા).**
**(કોડ નં. જીજે૦૧૬૪૪)**

Visit **ecourts.gov.in** for updates or download mobile app "**eCourts Services**" from Android or iOS